Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**34**

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવેલા સુધારાઓનો અભ્યાસ

**RESEARCHER**

**Anita Laljibhai Parmar**

M.A. (Gold Medallist), M. Phil, GSET

Research Scholar, Economics

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY

JUNAGADH.

**સારાંશ:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ એ ૨૧મી સદીની પ્રથમ શિક્ષણ નીતિ છે જે કે. કસ્તૂરીરંગન સમિતિની ભલામણો અને દેશના વિભિન્ન વર્ગોના સૂચનોના આધારે તૈયાર કરવામાં આવી. આધુનિક સમયને અનુલક્ષીને વિદ્યાર્થી બદલાતા વૈશ્વિક પ્રવાહ સાથે આગળ વધે તે માટે પધ્ધતિસરનું ગુણવત્તાયુક્ત શિક્ષણ ખૂબ જરૂરી છે. આ શિક્ષણ નીતિ પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચ શિક્ષણ સુધીના બધા જ તબક્કાને આવરી લે છે. પ્રસ્તુત સંશોધન પત્રમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણમાં કરવામાં આવેલ સુધારાનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દો:** રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, પ્રાથમિક શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ

**૧.૧ પ્રસ્તાવના**

બદલતા વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ જરૂરી છે. ભારતમાં શિક્ષણનો વિકાસ પ્રાચીન કાળથી થયો છે સમયાંતરે તેમાં જરૂરિયાત મુજબ પરિવર્તન થતા ગયા. શિક્ષણ એ માનવમૂડી અને દેશના સંસાધનોને કાર્યક્ષમ અને સમૃદ્ધ બનાવવાનું માધ્યમ છે. વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને સંપૂર્ણ વિશ્વનું કલ્યાણ પ્રાપ્ત કરવા માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ ખૂબ જરૂરી છે. સ્વતંત્ર ભારતમાં સૌપ્રથમ શિક્ષણનીતિ ૧૯૬૮ હતી ત્યારબાદ વર્ષ ૧૯૮૬માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ બનાવવામાં આવી હતી જેમાં વર્ષ ૧૯૯૨માં સંશોધન કરવામાં આવ્યું હતું. ભારતમાં ત્રણ દશકાઓ પછી નવી શિક્ષણ નીતિને મંજૂરી આપવામાં આવી છે.

**૧.૨ સંશોધન સમીક્ષા**

બી. વેંકટેશવરલુ ના ૨૦૨૧માં પ્રકાશિત સંશોધન પત્ર A CRITICAL STUDY OF NEP 2020 : ISSUES APPROCHES, CHALLENGES, OPPERTUNITIES AND CRITICISM માં જણાવ્યા અનુસાર અર્થતંત્ર, સામાજિક દરજ્જો, ટેકનોલોજી અપનાવવા, માનવીની વર્તણુક નક્કી કરવા માટે ઉચ્ચ શિક્ષણ મહત્વનું છે. નવી શિક્ષણ નીતિની સમસ્યાઓમાં ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચનો અભાવ, ઉચ્ચ શિક્ષણ માં વધુમાં વધુ વિદ્યાર્થીઓને આકર્ષવા માટે સંસ્થાઓના પ્રયાસોનો અભાવ, મોટાભાગની યુનિવર્સીટીઓ અને કોલેજોમાં સંશોધન અને નવીનતાઓનો અભાવ, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં શાસન અને નેતૃત્વની ઓછી ગુણવત્તા વગેરે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

### ૧.૩ સંશોધનના હેતુઓ

૧. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની સમજ મેળવવી.

૨. શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવેલ વિવિધ સુધારાઓ જાણવા.

### ૧.૪ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન પત્રમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ દ્વારા સંશોધન કરવામાં આવ્યું છે. ગૌણ માહિતી દ્વારા હેતુઓને અનુરૂપ માહિતી એકત્ર કરી તેનું અર્થઘટન કરવામાં આવ્યું છે.

### ૧.૫ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત કરવામાં આવેલા સુધારાઓ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત કરવામાં આવેલા સુધારાઓ નીચે મુજબ છે.

### ૧.૫.૧. શાળા શિક્ષણ સંબંધિત સુધારા

**કોષ્ટક: ૧ શાળા શિક્ષણનું નવું માળખું**

| અભ્યાસક્રમનું માળખું | ધોરણ | વયજૂથ | અભ્યાસનો સમયગાળો |
|---|---|---|---|
| પૂર્વ પ્રાથમિક | આંગણવાડી/બાલવાટિકા | ૩ થી ૬ વર્ષ | ૩ વર્ષ |
| | ધોરણ ૧ થી ૨ | ૬ થી ૮ વર્ષ | ૨ વર્ષ |
| પ્રારંભિક | ધોરણ ૩ થી ૫ | ૮ થી ૧૧ વર્ષ | ૩ વર્ષ |
| ઉચ્ચ પ્રાથમિક | ધોરણ ૬ થી ૮ | ૧૧ થી ૧૪ વર્ષ | ૩ વર્ષ |
| માધ્યમિક | ધોરણ ૧૨ થી ૫ | ૧૪ થી ૧૮ વર્ષ | ૪ વર્ષ |

### ૧.૫.૨. શિક્ષણ વ્યવસ્થા સંબધિત સુધારા

જ્યાં વિદ્યાર્થીઓનું પ્રમાણ વધુ હોય અને સાક્ષરતા દર ઓછો હોય ત્યાં સ્થાનિક અથવા સ્થાનિક ભાષાથી પરિચિત શિક્ષકોને નિયુક્ત કરવામાં આવશે. દરેક શાળામાં વિદ્યાર્થી શિક્ષક ગુણોત્તર ૩૦:૦૧થી ઓછો અને સામાજિક-આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓ વધુ હોય ત્યાં વિદ્યાર્થી શિક્ષક ગુણોત્તર ૨૦:૦૧ રાખવાની વ્યવસ્થા કરવામાં આવશે. શાળા છોડી ગયેલા બાળકોને શાળાએ પાછા લાવવા અને શાળામાં અધ્યયન કરતા બાળકોને શાળા છોડી જતા અટકાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવશે.

**કોષ્ટક: ૨ અપવ્યય (ડ્રોપઆઉટ) દર ઘટાડવા માટેના બે અભિયાન**

| અપવ્યય દર ઘટાડવા માટેના બે અભિયાન | |
|---|---|
| અસરકારક અને પૂરતી માળખાકીય સુવિધાઓ પૂરી પડવી | વિદ્યાર્થીઓના અધ્યયન અને શાળામાં હાજરીની ઝીણવટભરી દેખરેખ દ્વારા શિક્ષણમાં સાર્વત્રિકરણનું ધ્યેય સિદ્ધ કરવું |

### ૧.૫.૩. પાઠ્યક્રમ સંબંધિત સુધારા

માધ્યમિક શાળામાં અભ્યાસ માટે વિદ્યાર્થીઓને વિષયોની પસંદગી આપવામાં આવશે. શિક્ષણના બધા તબક્કાઓમાં ગણિત, વિજ્ઞાન અને માનવવિદ્યાઓ જેવા ફરજિયાત વિષયો ઉપરાંત શારીરિક શિક્ષણ, કલા, હસ્તકલા, અને વ્યાવસાયિક કૌશલ્ય જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવશે. રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT) દ્વારા ધોરણ ૬ થી ૮ માટે પ્રેક્ટીસ આધારિત અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવશે જેમાં દસ દિવસના દફતર

વગરના તાસમાં વિદ્યાર્થીઓને સુથાર, માળી, કુંભાર, કલાકારો જેવા સ્થાનિક વ્યાવસાયિક નિષ્ણાતોના માર્ગદર્શનમાં તાલીમ આપવામાં આવશે. ઓનલાઈન માધ્યમથી વ્યાવસાયિક અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**૧.૫.૪. ઉચ્ચ શિક્ષણ સંબંધિત સુધારા**

ઉચ્ચ શિક્ષણમાં સર્વાંગી અને બહુવિદ્યાશાખાકીય શિક્ષણ પર ભાર આપવામાં આવશે. સ્નાતકની પદવી ૩ અથવા ૪ વર્ષના સમયગાળાની કરવામાં આવશે. ૪ વર્ષના બહુ વિદ્યાશાખાકીય સ્નાતક કાર્યક્રમને પસંદગીના વિકલ્પ તરીકે રાખવામાં આવશે. એકેડેમિક બેંક ઓફ ક્રેડિટની સ્થાપના કરવામાં આવશે જે વિજાણું સ્વરૂપે માન્ય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા પ્રાપ્ત કરેલ શૈક્ષણિક ક્રેડિટનો સંગ્રહ કરવામાં આવશે અને તેના આધારે પદવી એનાયત કરવામાં આવશે. ૩ વર્ષના સ્નાતક અભ્યાસક્રમ બાદ ૨ વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ રહેશે જેમાં બીજું વર્ષ સંપૂર્ણપણે સંશોધન માટે સમર્પિત રહેશે અને ૪ વર્ષના સ્નાતક અભ્યાસક્રમ પછી ૧ વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ રહેશે. M.Phil કાર્યક્રમ બંધ કરવામાં આવશે. અનુસ્નાતક અથવા ૪ વર્ષના સ્નાતકની સંશોધન પદવી ધરાવનારને Ph.D. માં એડમિશન આપવામાં આવશે. શાળાના શિક્ષકો માટેની ન્યૂનતમ લાયકાત ૨૦૩૦ સુધીમાં ૪ વર્ષીય સંકલિત બી.એડ.ની પદવી કરવામાં આવશે તેમાં બે પૂર્ણ પદવીઓ શિક્ષણ સ્નાતક (બી.એડ.) ની પદવીની સાથે વિશિષ્ટ વિષયની સ્નાતકની પદવી આપવામાં આવશે.

### ૧.૫.૫ વિવિધ ભાષામાં અભ્યાસ

ધોરણ ૪ સુધી શિક્ષણનું માધ્યમ ખાનગી અને સરકારી બંને શાળાઓ માટે માતૃભાષા કે પ્રાદેશિક ભાષામાં રાખવામાં આવશે. વિજ્ઞાન સહીત તમામ વિષયોના પાઠ્યપુસ્તકોને માતૃભાષામાં ઉપલબ્ધ કરાવામાં આવશે. જે વિદ્યાર્થીઓની માતૃભાષા શિક્ષણના માધ્યમથી અલગ હોય તેમના માટે દ્વિભાષી અભિગમનો ઉપયોગ કરવામાં આવશે. ધોરણ ૩ અને આગળની કક્ષાઓમાં અન્ય ભાષામાં વાંચવા લખવા માટેના કૌશલ્યો વિકસાવવામાં આવશે. ભારતના વિભિન્ન રાજ્યોમાં ત્રિ-ભાષા સૂત્રનો અમલ કરવામાં આવશે. ત્રિ-ભાષા સૂત્રમાં શાળા અને ઉચ્ચ શિક્ષણના તમામ સ્તરે એક વિકલ્પ તરીકે સંસ્કૃત આપવામાં આવશે. સંસ્કૃત ઉપરાંત ભારતની અન્ય શાસ્ત્રીય ભાષાઓ પણ વિકલ્પો તરીકે આપવામાં આવશે.

### ૧.૬ તારણો

1. વર્તમાન શિક્ષણ નીતિમાં શાળા શિક્ષણમાં ૫+૩+૩+૪ વર્ષના અભ્યાસના સમયગાળા મુજબ વ્યવસ્થા કરવામાં આવી છે.
2. તમામ બાળકોને મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત થાય તેના પર ધ્યાન આપવામાં આવ્યું છે.
3. વિદ્યાર્થીઓમાં માનવ સવેદનશીલતા, યોગ્ય વ્યવહાર, શિષ્ટાચાર, નીતિમત્તા, વ્યક્તિગત અને જાહેર સ્વચ્છતા, સામાજિક કાર્યો કરવા, સમૂહકાર્ય કરવાની અને પરસ્પર સહકારની ભાવના વિકસાવવા પર ધ્યાન આપવામાં આવ્યું છે.

4. વિદ્યાર્થીઓનો સામાજિક, નૈતિક, બૌધાત્મક વિકાસ થાય તેવી રીતે નીતિનું ઘડતર કરવામાં આવ્યું છે.
5. વિદ્યાર્થીઓમાં વ્યાવસાયિક શિક્ષણ દ્વારા વ્યક્તિગત ક્ષમતાઓ, અનુભવ અને વ્યાવસાયિક સજ્જતાની તકો વધારવા પર ધ્યાન આપવામાં આવ્યું છે.
6. શિક્ષણમાં ટેકનોલોજીના ઉપયોગ પર ભાર આપવામાં આવ્યો છે.
7. વિદ્યાર્થી સ્વસ્થ રહે તે માટે પૌષ્ટિક ભોજન દ્વારા બાળકોના પોષણ અને આરોગ્ય પર ધ્યાન આપવામાં આવ્યું છે. શાળામાં નિયમિત આરોગ્ય તપાસ અને તેના નિરીક્ષણ માટે આરોગ્ય કાર્ડ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.
8. અપવ્યય દર ઘટાડવા પર ધ્યાન આપવામાં આવ્યું છે.
9. વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ અને ભાવિ જીવનનું આયોજન જાતે કરી શકે તે માટે અભ્યાસક્રમ પસંદગીમાં લવચિકતા રાખવામાં આવી છે.
10. ભાષા વૈવિધ્યને મહત્વ આપવામાં આવ્યું છે.
11. શાળા શિક્ષણથી ઉચ્ચ શિક્ષણ સુધીના દરેક તબક્કે વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તેવા સુધારાઓ કરવામાં આવ્યા છે.

## સંદર્ભસૂચી

1. ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન. (૨૦૨૦). રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦. માનવ સંસાધન વિકાસ મંત્રાલય ભારત સરકાર. https://www.iite.ac.in/download/notice/-5f6461d25b5bc.pdf
2. Venkateshwarlu, B. (2021). A Critical study of NEP 2020: Issues Approaches, Challenges, Opportunities and Criticism. International journal of multidisciplinary educational research, Volume.10, Issue 2(5), ISSN: 2277-7881.
3. https://www.google.com/url?sa=t&source=web&rct=j&url=http://s3-ap-southeast-1.amazonaws.com/ijmer/pdf/volume10/volume10issue2(5)/33.pdf&ved=2ahUKEwiCiaDVn_b9AhUbcGwGHVPyB84QFnoECA8QAQ&usg=AOvVaw3d54exxS0K-zLWARNMJEDQ